**ક્રિમીનલ કેસ નંબર : ૧૬૦૫૮/૨૦૧૯**

**આંક ૧ લગત હુકમ**

1. સદર ગુનાના કામે આરોપી વિરુધ્ધ તપાસ કરનાર અમલદારે તપાસના અંતે પ્રોહીબીશન કલમ 65AA મુજબ ના ગુના સબબ ચાર્જશીટ અત્રે રજુ કરેલુ છે. ત્યારબાદ આરોપીને સબબ ગુનાના કામે કોર્ટમાં હાજર રહેવા સમન્સ/વોરંટ ઈસ્યુ કરતા આરોપી કોર્ટમાં હાજર થયેલ નથી. હાલના કામે આરોપીનું વોરંટની બજવણી અંગે વિવિધ રાહે પ્રયત્નો કરવામાં આવેલ છે તેમ છતાં આરોપી મળી આવેલ ન હોય તેવા શેરા સાથે વોરંટ વગર બજયે પરત આવેલ છે. સદર કામે આરોપીની ગેરહાજરીના કારણે ઘણાં લાંબા સમયથી પ્રોસેસના સ્ટેજ પર મુલત્વી રહેલ છે. આમ, કેસનું રેકર્ડ જોતા આરોપીને કોર્ટ સમક્ષ હાજર રાખવા પુરતા પ્રયત્નો કરવા છતાં હાજર રહેલ નથી તેમજ સદર આરોપીને હાજર રાખવામાં ફરીયાદપક્ષ તથા પોલીસ સદંતર નિષ્ફળ રહેલ છે. આમ, પુરતા પ્રયત્ન કર્યા હોવા છતાં કોઈપણ સંજોગોમાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થાય તેમ નથી. જેથી આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમતનામા અંગેનો કેસ આગળ ચલાવી શકાય તેમ નથી. આમ, રેકર્ડ પરની સ્થિતિએ આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ સંભાવના જણાતી ન હોય, ન્યાયના હિતમાં આરોપી વિરુધ્ધ મુકેલું તહોમત હાલના સંજોગોમાં બંધ રાખવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નથી. જેથી **ગુજરાત રાજય વિરૂધ્ધ ઈબ્રાહીમ લાઘા, એ.આઈ.આર. ૧૯૭૧, ગુજરાત, પાના નં. ૧૯૪૮** માં જણાવેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ આરોપી વિરૂધ્ધ તહોમત સ્ટોપ પ્રોસીડીગ્સ કરવાનો નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૮ અન્વયે આ ગુનાના કામે આરોપી વિરૂધ્ધ મુકેલ તહોમતની કાર્યવાહી બંધ (સ્ટોપ પ્રોસીડીગ્સ) કરી આરોપીને બિનતહોમત છોડી મુકવા હુકમ કરવામાં આવે છે. જો આરોપી ભવિષ્યમાં મળી આવે તો તેઓ સામે ક્રિ.પ્રો. કોડની કલમ ૩૦૦(૫) મુજબની આ કોર્ટે પરવાનગી આપેલ છે તેમ ગણી જે તે તબકકે કેસ આગળ ચલાવવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ તા. ૦૯/૧૨/૨૦૨૩ ના દિવસે નેશનલ લોક અદાલત અનુસંધાને સ્પેશીયલ સીટીંગ પણ રાખવામાં આવેલ છે. સ્પેશીયલ સીટીંગમાં અદાલતને વર્કીગ દિવસમાં જે કામગીરી કરવાની સતા હોય છે તેવી જ સતા આપવામાં આવે છે. હાલનો આ ક્રિમીનલ કેસ લોક અદાલત નહી પરંતુ સ્પેશીયલ સીટીંગમાં મુકવામાં આવેલ છે અને તે મુજબ આજરોજ હુકમ જાહેર કરેલ છે.

( પી. જે. કાયસ્થ )
૧૧માં એડી. ચીફ જયુડી. મેજી., રાજકોટ
(જીજે–૦૧૦૫૩)